॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૧૩** **WRITER** **YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૧૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૬)**

૧. કિરિયાહિં **કાઈયાએ અહિગરણયાએ પાઉસિયાએ પારિતાવણિયાએ** પાણાઈવાય

૨. સુએ **સામાઈએ તિણ્હં ગુત્તીણં ચઉણ્હં** કસાયાણં

૩. સાગ વિહિં **માહુરય વિહિં જેમણ વિહિં પાણિય વિહિં મુહવાસ વિહિં** વાહણ

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૨)**

૧. મણિસોવનના **ઝવેરાત, સોનું વગેરે** ૨. ઠામિ **કરું છું**

૩. ખેલે સુ વા **કફમાં ઉપજે તે** ૪. સહસાગારે **ઉતાવળથી લેવા વડે**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૨)**

૧. ઘણું સૂતા રહેવાથી **પગામસિજ્જાએ** ૨. મસ્તકે આવર્ત્તન કરીને **સિરસાવત્તં**

૩. મધુરા ફળની જાત **માહુરય વિહિં** ૪. નહિ આચરવા યોગ્ય **અણાયારો**

(૭૫)

**પ્ર.૨ (અ) દશવૈકાલિક સૂત્રના આધારે લખો.** **(૨૫)**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. દુક્કરાઈ **કરિત્તાણં, દુહસ્સહાઈ સહિત્તુ ય । કે ઈત્થ દેવલોએસુ, કેઈ સિજ્ઝંતિ** ણીરયા ॥

**અર્થ : આમ આ દુષ્કર ક્રિયા કરીને, દુઃસહ્ય કષ્ટો સહન કરીને કેટલાક મહાત્માઓ દેવલોકમાં ઉપજે છે તો કેટલાક સાધુઓ સર્વ કર્મ ક્ષય કરી સિદ્ધ થાય છે.**

૨. તીસે **સો વયણં સોચ્ચા, સંજયાઈ સુભાસિયં ।**

**અંકુસેણ જહા નાગો, ધમ્મે સંપડિ** વાઈઓ ॥

**અર્થ : તે સંયમવતી સાધ્વી રાજેમતીના સારા આશયવાળા વચનો સાંભળીને જેવી રીતે અંકુશ વડે હાથી વશ થઈ જાય તેમ તે રહનેમિ ધર્મમાં ફરી સ્થિર થઈ ગયા.**

૩. ધમ્મો **મંગલ મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો ।**

**દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા** મણો ॥

**અર્થ : અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ જ સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં લીન રહે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.**

૪. આયાવયંતિ **ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા ।**

**વાસાસુ પડિસંલીણા, સંજયા** સુસમાહિયા ॥

**અર્થ : તે સંયમી સાધુઓ ઉનાળાના પ્રખર તાપમાં સૂર્યની આતાપના લે છે. શિયાળામાં નિર્વસ્ત્ર રહી ઠંડી સહન કરે છે. ચોમાસામાં એક સ્થળે, સમાધિથી રહે છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો. (૬)**

૧. ૧૮ થી ૨૧ અનાચારના અર્થ લખો. **૧૮) અટ્ઠાવએ : જુગાર રમવો. ૨) નાલીએ : પાસાનો જુગાર રમવો. ૨૦) છત્તસ્સ ય ધારણટ્ઠાએ : છત્રને ધારણ કરવું. ૨૧) તેગિચ્છં : દવા, ચિકિત્સા આદિ કરાવવા.**

૨. કોણ કેવી અગ્નિમાં પડવું પસંદ કરે છે? **અગંધન કુળના સર્પો દુસહ્ય, અતિ પ્રજ્જવલિત અને જેમાંથી ધૂમાડાના ગોટેગોટા નીકળી રહ્યા છે એવી પ્રચંડ અગ્નિમાં પડવું પસંદ કરે છે.**

૩. સાધુએ કેવી રીતે ભિક્ષા લેવી જોઇએ? **ગૃહસ્થોએ પોતે બનાવેલા આહારમાંથી એવી રીતે ભિક્ષા લેવી જોઇએ કે જેથી કોઇપણ જીવની વિરાધના ન થાય અને દેનાર ગૃહસ્થને પણ દુઃખ ન થાય.**

**(૩) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. કિલામેઇ **પીડા આપતો** ૨. ણિગ્ગહણા **નિગ્રહ કરનારા**

૩. રીયંતે **વિચરે છે, નિર્વાહ કરે છે** ૪. પેહાઈ **પ્રેક્ષાથી**

૫. ભાવં **વિષયભાવને** ૬. ગિહિમત્તે **ગૃહસ્થના વાસણમાં ભોજન કરવું.**

**(૪) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૪)**

૧. તેલ વગેરેનું માલિશ કરવું **સંવાહણા, ગાયાબ્ભંગ** ૨. સારી રીતે કહેલા **સુભાસિયં**

૩. છ કાયના રક્ષક મુનિવર **તાઈણો** ૪. ખેદ પામતો **વિસીયંતો**

**(આ) નિયંઠાના આધારે લખો.** **(૨૫)**

**(૧) ખાલી જગ્યા પૂરો.** **(૧૦)**

૧. પુલાકપણામાં ...... હોતું નથી પણ ...... સમુદ્‌ઘાત હોય છે. **મરણ, મારણાંતિક**

૨. ...... અને ...... યોગના ઉદયથી ફક્ત શાતા વેદનીય બાંધે છે. **નિર્ગ્રંથ, સ્નાતક**

૩. બાહ્ય ...... અને અંતરંગ ...... ના અંશને સંયમ પર્યવ કહે છે. **ચારિત્ર, આત્મવિશુદ્ધિ**

૪. બકુશ પૂર્વ પર્યાય અપેક્ષા ...... થી ...... હોય. **૨૦૦ ક્રોડ, 300 ક્રોડ**

૫. ......, ......, ...... નિયંઠા નો સંજ્ઞાબહુત્તા હોય. **પુલાક, નિર્ગ્રંથ, સ્નાતક**

૬. દેવતામાં ......, ......, ......, ......, ...... પદવી છે. **ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અહમેન્દ્ર**

૭. પડિસેવણાને જઘન્ય ...... અને ઉત્કૃષ્ટ ...... જ્ઞાન હોય. **અષ્ટ પ્રવચન માતા, ૧૦ પૂર્વ**

૮. કષાયકુશીલ ......, ...... વિનાની શાળ જેવા. **ફોતરાંવાળી, કચરા**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.** **(૧૦)**

૧. સરાગી નિયંઠાનો કલ્પ દ્વાર લખો.

**પુલાકમાં સ્થિત, અસ્થિત અને સ્થવિર કલ્પ. બકુશ–પડિસેવણામાં સ્થિત, અસ્થિત, સ્થવિર કલ્પ અને જિન કલ્પ. કષાયકુશીલમાં સ્થિત, અસ્થિત, સ્થવિર કલ્પ, જિન કલ્પ, કલ્પાતીત.**

૨. વીતરાગી નિયંઠાનો પરિણામ દ્વાર લખો.

**નિર્ગ્રંથ અને સ્નાતકમાં બે પરિણામ વર્ધમાન અને અવસ્થિત. બંનેમાં વર્ધમાનની સ્થિતિ જ. અંત. ઉ. અંત. નિર્ગ્રંથમાં અવસ્થિત જ. ૧ સમય ઉ. અંત. સ્નાતકમાં અવસ્થિત જ. અંત. ઉ. દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષ**

૩. દોષ લગાડનાર નિયંઠાનો કાળ દ્વાર લખો.

**પુલાક અવસર્પિણી કાળમાં ૩ જે–૪ થે આરે જન્મે ને ૩ જે–૪ થે–૫ મે આરે પ્રવર્ત્તે. બકુશ, પડિસેવણા અવસર્પિણી કાળમાં ૩ જે–૪ થે–૫ મે આરે જન્મે ને પ્રવર્ત્તે. ત્રણે નિયંઠા ઉત્સર્પિણી કાળમાં ૨ જે–૩ જે–૪ થે આરે જન્મે ને ૩ જે–૪ થે આરે પ્રવર્તે. મહાવિદેહમાં સદા હોય. પુલાકનું સંહરણ ન થાય.**

૪. સ્નાતકના ભેદના માત્ર નામ લખો. તે કયા ગુણસ્થાને હોય?

**૧) અચ્છવી–૧૪ મા ગુણસ્થાને ૨) અસબલે–૧૩ મે, ૧૪ મે ગુણસ્થાને ૩) અકમ્મે–૧૩ મે, ૧૪ મે ગુણ.**

**૪) સંશુદ્ધ–૧૩ મે, ૧૪ મે ગુણસ્થાને ૫) અપરિસ્સવી–૧૪ મે ગુણસ્થાને.**

૫. નિર્ગ્રંથ શા માટે સંયમાસંયમમાં જતા નથી?

**નિર્ગ્રંથ ઉપશમ શ્રેણીથી પડતા કષાયકુશીલ થાય છે. જો શ્રેણીમાં કાળ કરે તો દેવલોકમાં ઉત્પન્ન થવાથી અસંયત થાય છે. શ્રેણીમાંથી પડતા તરત જ દેશવિરતિ થતા નથી. કષાયકુશીલ થઈને પછી દેશવિરતિ થઈ શકે છે.**

**(૩) યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. પુલાક ઘણા ભવ આશ્રી ઉ. કેટલીવાર આવે? (ત્રણ, **સાત**, નવ)

૨. પડિસેવણા કયા ભાવમાં હોય? (**ક્ષયોપશમ**, ક્ષાયિક, ઉપશમ)

૩. કષાયકુશીલને કેટલા જ્ઞાન હોય? (૧, **૪**, ૫)

૪. સ્નાતકમાં સંયમસ્થાન કેટલા હોય? (**એક**, સંખ્યાતા, અસંખ્યાતા)

૫. નિર્ગ્રંથને ઉત્કૃષ્ટ કેટલું અંતર પડે? ( એક માસ, ચાર માસ, **છ માસ**)

**(ઈ) સંજયાના આધારે લખો.** **(૨૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૧૦)**

૧. ઘણા જીવ અપેક્ષા શાશ્વત ચારિત્ર કયા? **સામાયિક, યથાખ્યાત ચારિત્ર**

૨. યથાખ્યાત ચારિત્રમાં પરિણામ કયા? **વર્ધમાન, અવસ્થિત**

૩. અસ્થિત કલ્પ ક્યાં ન હોય? **વચ્ચેના ૨૨ તીર્થંકર, મહાવિદેહ અથવા છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધ**

૪. પરિહાર વિશુદ્ધ ચારિત્રના ભેદ લખો. **નિર્વિશ માનક, નિર્વિશ કાયિક**

૫. સૂક્ષ્મ સંપરાયવાળા શ્રેણી ઉતરે ત્યારે ક્યાં જાય? **સામાયિક, છેદોપસ્થાપનીય**

૬. છેદોપસ્થાપનીય છ કર્મની ઉદીરણા કરે ત્યારે કયા કર્મની ઉદીરણા ન કરે? **વેદનીય, આયુષ્ય**

૭. ૬ થી ૯ ગુણસ્થાન કયા ચારિત્રના છે? **સામાયિક, છેદોપસ્થાપનીય**

૮. યથાખ્યાત ચારિત્ર કયા ભાવમાં હોય? **ઉપશમ, ક્ષાયિક**

૯. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર વર્તમાન અપેક્ષા શ્રેણીમાં કેટલા હોય? **ક્ષપકમાં ૧૦૮, ઉપશમમાં ૫૪**

૧૦. એક ભવ અને ઘણા ભવ અપેક્ષા છેદોપસ્થાપનીય ઉ. કેટલીવાર આવે? **૧૨૦ વાર, ૯૬૦ વાર**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.** **(૧૦)**

૧. સવેદી ચારિત્ર કેટલા ભવ કરે? તેમાં નિયંઠા કયા?

**સામાયિક, છેદોપસ્થાપનીય જ. ૧ અને ઉ. ૮ ભવ કરે. તેમાં પુલાક, બકુશ, પડિસેવણા, કષાયકુશીલ એ ચાર નિયંઠા હોય. પરિહાર વિશુદ્ધ જ.૧ ઉ. ૩ ભવ કરે. તેમાં કષાયકુશીલ એક જ નિયંઠો હોય.**

૨. માત્ર અપ્રમત્ત સંજયા કયા? તેનો સ્થિતિ અને સંયમસ્થાન દ્વાર લખો.

**સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત. સૂક્ષ્મ સંપરાયની સ્થિતિ એક અને ઘણા જીવ અપેક્ષા જ. ૧ સમય અને ઉ. અંત. સંયમસ્થાન અંત.ના સમય જેટલા અસંખ્ય સ્થાન. યથાખ્યાત ચારિત્રની સ્થિતિ એક જીવ અપેક્ષા જ. ૧ સમય અને ઉ. દેશેઉણા ક્રોડપૂર્વ વર્ષ. સંયમસ્થાન એક.**

૩. સંજયા એટલે શું? તે કયા સૂત્રનો અધિકાર છે? કાલિક કે ઉત્કાલિક? અંગ છે કે ઉપાંગ? કેટલામું?

**મહાવ્રતમાં સ્થિર આત્માને સંયતિ કહેવાય છે. સંજયા ભગવતી સૂત્ર શતક ૨૫ ઉદ્દેશો ૭ નો અધિકાર છે. પાંચમું અંગ સૂત્ર છે. કાલિક છે.**

૪. સંજયાનો અવગાહિત અને સ્પર્શના દ્વાર લખો.

**પ્રથમ ચાર સંયતિ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય. યથાખ્યાત ચારિત્રી લોકના અસંખ્યાતમા ભાગમાં, ઘણા અસંખ્યાતા ભાગોમાં અથવા સર્વ લોકમાં (કેવળ સમુદ્ઘાત અપેક્ષા) હોય.**

**અવગાઢ ક્ષેત્ર કરતા સ્પર્શના કાંઈ અધિક જાણવી.**

૫. સંજયાનો અલ્પ બહુત્વ લખો. **સર્વથી થોડા સૂક્ષ્મ સંપરાય ચારિત્રવાળા, તેથી પરિહારવિશુદ્ધ ચારિત્ર વાળા સંખ્યાતગુણા, તેથી યથાખ્યાત ચારિત્રવાળા સંખ્યાતગુણા, તેથી છેદોપસ્થાપનીય ચારિત્રવાળા સંખ્યાતગુણા, તેથી સામાયિક ચારિત્રવાળા સંખ્યાતગુણા.**

**(૩) મને ઓળખો.** **(૫)**

૧. નવદીક્ષિતને દીક્ષા સમયે આરોપણ કરાય છે. **નિરતિચાર છેદોપસ્થાપનીય**

૨. મારામાં સાકાર ઉપયોગ જ હોય. **સૂક્ષ્મ સંપરાય**

૩. હું આહારક અને અણાહારાક છું. **યથાખ્યાત**

૪. મારામાં શુભ લેશ્યા જ હોય. **પરિહાર વિશુદ્ધ અથવા સૂક્ષ્મ સંડપરાય અથવા યથાખ્યાત ચારિત્ર**

૫. દીક્ષા સમયે તીર્થંકર ભગવાન મારા પચ્ચકખાણ લે. **સામાયિક**

**(૧૫)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. બ્રાહ્મણના લક્ષણ કોણે કોને બતાવ્યા? તેમાંથી છેલ્લા બે લક્ષણ લખો. **(૩)**

**બ્રાહ્મણના લક્ષણ જયઘોષ મુનિએ વિજયઘોષને બતાવ્યા. ૯) પાણીમાં જેમ કમળ નિર્લેપ રહે છે તેમ જે**

**મનુષ્ય કામભોગોથી અલિપ્ત રહે છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૧૦) જે પૂર્વ સંયોગો છોડીને કામભોગ માં આસક્ત થતા નથી. તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.**

૨. ચંદ્રને કોણ કેવી રીતે નમસ્કાર કરે છે? **ગ્રહ, નક્ષત્ર હાથ જોડીને નમસ્કાર કરે છે.** **(૧×૧૨)**

૩. પૂર્ણ જ્ઞાની કોણ બને છે? **તીર્થંકરોએ બતાવેલા ધર્મ તત્ત્વોનું, સમતા આદિ ગુણોનું આચરણ કરવાથી સાધક પૂર્ણ જ્ઞાની બને છે.**

૪. કોણ કર્મથી લેપાતા નથી? **વિરક્ત સાધક સૂકા ગોળાની જેમ લેપાતા નથી.**

૫. સાધુએ શું સમજીને પુરુષાર્થ કરવાનો છે? **સંસાર અને કામભોગની અસારતા અને ક્ષણિકતા સમજીને પુરુષાર્થ કરવાનો છે.**

૬. જયઘોષ મુનિને શેના પારગામી કીધા? **સંયમ અને તપના પારગામી કીધા.**

૭. શ્રમણ અને મુનિ કેવી રીતે બનાય છે? **સમભાવ ધારણ કરવાથી શ્રમણ અને જ્ઞાન પ્રાપ્ત કરવાથી મુનિ બનાય છે.**

૮. વિજયઘોષ શેના જાણકાર હતા? **વિજયઘોષ વેદ–વેદાંતના જાણકાર હતા.**

૯. હિંસાકારી શું છે? **વેદ અને યજ્ઞ હિંસાકારી છે.**

૧૦. યાજ્ઞિક શેના વાસ્તવિક સ્વરૂપને સમજતા નથી? **સ્વાધ્યાય અને તપના.**

૧૧. જે ......, ......, ...... અને ...... થી અસત્ય વચન બોલતા નથી. **ક્રોધ, ભય, હાસ્ય, લોભ**

૧૨. વિજયઘોષ કાળ કરીને ક્યાં ગયા? **વિજયઘોષ કાળ કરીને અનુત્તર સિદ્ધિ એટલે મોક્ષમાં ગયા.**

૧૩. વિજયઘોષ બ્રાહ્મણ ...... અને ...... જીવ હતા. **હળુકર્મી, ચરમશરીરી**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. સોઽહં **તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ! કર્તું સ્તવં વિગત શક્તિરપિ પ્રવૃત્તઃ ।**

**પ્રીત્યાઽત્મ વીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાઽભ્યેતિ કિં નિજશિશોઃ** પરિપાલનાર્થમ્ ॥

**અર્થ : હે મુનિશ્વર ! તમારી સ્તુતિ કરવાને તદ્દન અસમર્થ છું તો પણ ભક્તિને વશ થઈને શક્તિહીન છતાં તમારી સ્તુતિ કરવાને પ્રેરાયો છું. જેવી રીતે મૃગલો પોતાની શક્તિનો વિચાર કર્યા વગર જ માત્ર પોતાના બચ્ચા પરની પ્રીતિને વશ તેના રક્ષણ માટે શું કેસરીસિંહની સામે નથી થતો?**

૨. આસ્તાં **તવ સ્તવનમસ્ત સમસ્ત દોષમ્, ત્વત્સંકથાઽપિ દુરિતાનિ હન્તિ ।**

**દૂરૈઃ સહસ્ત્ર કિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાસ** ભાંજિ ॥

**અર્થ : સમસ્ત પાપોનો નાશ કરનારું તમારું સ્તવન તો દૂર રહો ! પણ આપના ચારિત્રની રૂડી કથા માત્ર ત્રણે જગતના જીવોના પાપોને હણી નાંખે છે. તે જેમ સૂર્ય તો દૂર છે, છતાં માત્ર તેની પ્રભા જ સરોવરમાં રહેલા પદ્મકમળોને વિકસાવે છે તેમ.**

૩. દષ્ટ્વા **ભવન્તમનિમેષ વિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।**

**પીત્વા પયઃ શશિકર દ્યુતિદુગ્ધ સિન્ધોઃ, ક્ષારં જલં જલનિધેરસિંતુ ક ઈચ્છેત્ ।।**

**અર્થ : અનિમેષ દષ્ટિ વડે અવલોકવારૂપ એવા આપના સ્વરૂપને એકવાર જોયા પછી મનુષ્યના ચક્ષુ બીજે સંતોષ પામતા નથી. ચંદ્રની ચાંદની સમાન ઉજ્જવળ અને મધુર ક્ષીરસમુદ્રનું પાણી પીધા પછી, લવણ સમુદ્રનું ખારું પાણી પીવાની ઈચ્છા કોણ કરે?**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૩)**

૧. ભક્તામરમાં કોની સ્તુતિ કરવાની છે? **પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની.**

૨. આ સ્તોત્ર કોનું હરણ કરશે? **સત્પુરુષોના ચિત્તનું હરણ કરશે.**

૩. સ્તવાયેલા એટલે શું? **સ્તવાયેલા એટલે જેમની સ્તુતિ કરવામાં આવી છે.**

**જય – જિનેન્દ્ર**

❋ PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914DA
❋ FOR BOOKS AND EXAM REGISTRATION